જનતાને પારાવાર મુશ્કેલી : સ્થાનિક સ્થાનિક તંત્ર મુકપ્રેક્ષક!

## વેજલપુર હાઈવેથી વેજનાથ મહાદેવ મંદિર સુધી દૂષિત પાણી ઉભરાયું

### ગ્રામ પંચાયત વહેલી તકે ગટર લાઈન નું કામ શરૂ કરે તેવી ગામજનોની માંગ



(પ્રતિનિધી) કાલોલ, તા.3
વેજલપુર ગામે હાઈવે થી વેજનાથ મહાદેવ મંદિર સુધીના રસ્તા પર છેલ્લા કેટલાક દિવસથી ગંદુ પાણી રેલમછેલ થતાં સ્થાનિકોમાં ભારે નારાજગી ફેલાઈ છે. સ્થાનિક મકાન માલિકો દ્વારા ઘરગથ્થુ ગંદા પાણીનો નિકાલ સીધો જ સીસી રોડ ઉપર કરવામાં આવતો હોવાથી આખો રસ્તો કાદવ-કીચડ અને ગંદા પાણીથી ભરાઈ ગયો છે.

ચોમાસાની ઋતુમાં વરસાદી પાણી જમા થઈ જતાં રસ્તા પર મોટા પાણીના ખાડાઓ બની ગયા છે, જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકોને પસાર થવું અત્યંત જોખમી બન્યું છે. ખાસ કરીને વૃદ્ધો, મંદિરે દર્શન માટે જતા શ્રદ્ધાળુઓને કાદવમાંથી પસાર થતી વખતે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.અને વેજલપુર ગામનો વર્ષો જૂનો મુખ્ય માર્ગ રસ્તો હોવાથી રાત દિવસ અનેક લોકો ત્યાંથી પસાર થતા હોય છે સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ દુર્ગંધના કારણે આ વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે, જેના કારણે રોગચાળાની ભીતી સેવાઈ રહી છે. ગામના લોકોનું કહેવું છે કેટલાક દિવસો થી આ સમસ્યા હોવા છતાં કોઈ નિકાલ કરવામાં આવ્યો નથી. સ્થાનિક લોકોએ આ સમસ્યા અંગે અનેક વખત ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત સભ્ય ને રજૂઆત કરી છે, પરંતુ સ્થાનિક તંત્ર હાલ મુકપ્રેક્ષક બની બેઠું છે લોકમુખે ચર્ચા મુજબ વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા સ્થાનિક મકાન માલિકો ને ગંદુ પાણી રસ્તા પર છોડવાની ખુલ્લી છુટ આપવામાં આવી છે.

લોકોનો આરોપ છે કે તંત્રની ઉદાસીનતાને કારણે આ સમસ્યા વધુ વકરી છે.

રાહદારીઓ અને સ્થાનિકોની માંગ છે કે વેજલપુર ગ્રામ પંચાયત તાત્કાલિક ગટર લાઈનની વ્યવસ્થા કરીને ગંદા પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરે અને રસ્તાની મરામત કરાવે. જો ટૂંક સમયમાં સમસ્યાનો ઉકેલ નહીં આવે તો મંદિરે દર્શન કરવા જતાં ગ્રામજનોએ આંદોલનની ચેતવણી આપી છે. હાલમાં આ માર્ગ પસ્થી પસાર થવું જોખમી બન્યું છે અને લોકો તંત્ર પાસેથી તાત્કાલિક કાર્યવાહીની આશા રાખી રહ્યા છે આ સમસ્યા અંગે તાલુકા પંચાયત સભ્ય સાથે સીધી વાત કરતા તાલુકા પંચાયત સભ્ય કુલસુમબીબી કઠિયા એ જણાવેલ કે અગાઉની ટર્મમાં તેઓના પતિ સલીમ કઠિયા દ્વારા ૨૦ % ગ્રાન્ટ માંથી ગટર લાઈન મંજુર કરાવેલ છે તેઓની પાંચ વર્ષ ની ટર્મ પૂર્ણ થઈ ગઈ છે તે કામ વેજલપુર ગ્રામ પંચાયત એ કરવાનું છે હજુ સુધી તે કામ આજદિન સુધી કરવામાં આવ્યું નથી કે ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું નથી તેવું જણાવ્યું છે જેથી વેજલપુર ગ્રામ પંચાયત વહેલી તકે ગટર લાઈન નું કામ શરૂ કરે તેવી ગામજનો ની માંગ ઉઠી છે.

તમામ જુગારીઓ મોબાઈલની ટોર્ચ રાખીને જુગાર રમતા હતા

## અલીન્દ્રા ગામની સીમમાંથી જુગાર રમતા ૮ ઝડપાયા

### પોલીસના દરોડોમાં એક આરોપી નાસી છૂટવામાં સફળ રહ્યો



(પ્રતિનિધી) કાલોલ, તા.3
કાલોલ તા ૦૩/૦૯/૨૬ કાલોલ તાલુકાના અલીન્દ્રા ગામની સીમમાં આવેલ ખુલ્લા ખેતરમાં મોડી રાત્રે મોબાઈલની ટોર્ચના અજવાળે જુગાર રમી રહેલી મંડળી પર પોલીસે દરોડો પાડી ૮ ઈસમોને ઝડપી પાડ્યા છે, જ્યારે એક આરોપી ભાગી છૂટવામાં સફળ રહ્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી રોકડ રકમ અને મોબાઈલ મળી કુલ ૨૩,૨૧૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

મળતી માહિતી મુજબ, કાલોલ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ બુધવારે રાત્રિ પેટ્રોલીંગમાં હતા તે સમયે મળેલી ચોક્કસ બાતમીના આધારે અલીન્દ્રા ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈ જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે કોર્ડન કરીને સ્થળ પરથી ૮ ઈસમોને ઝડપી લીધા હતાઃ જેમાં સહેમાન સલામ મોકરીયા, સીદીક સતાર ઘોડાવાલા,રમઝાન ઈબ્રાહીમ મલાવીયા ,ફારુક ઈસ્માઈલ ઘોડાવાલા,મનોજભાઈ નાનાભાઈ રાણા,વાકીબઅલી લિયાકતઅલી સૈયદ, સલામ રઝાક ઘોડાવાલા, જયરાજ ઉર્ફે જયદીપ ઉદેસિંહ સોલંકી પોલીસની રેડ દરમિયાન હારુન ઉર્ફે જગ્ગી સીદીક જરોદીયા નાસી છૂટ્યો હતો.

પોલીસે જુગારના દાવ પરથી ૬,૭૨૦ અને પકડાયેલા આરોપીઓની અંગઝડતીમાંથી ૬,૪૯૦ મળી કુલ રોકડા ૧૩,૨૧૦ તથા ૧૦,૦૦૦ની કિંમતના ૨ એન્ડ્રોઈડ મોબાઈલ એમ મળીને કુલ ૨૩,૨૧૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

વિવિધ ગામોમાંથી આવેલા હરિભક્તો ઉપસ્થિત રહ્યા

## બોરીયાવી સ્વામિનારાયણ મંદિરે ગુરુદેવ બાપજીના સ્મૃતિ દિન નિમિત્તે શાંતિપાઠ

### ધાર્મિક કાર્યક્રમો અને સંત મેળાવડો યોજાયો



(પ્રતિનિધી) ગોધરા, તા.3
શહેરા તાલુકાના બોરીયાવી ગામે આવેલ SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ગુરુદેવ પ.પૂ. બાપજીના સ્મૃતિ દિન નિમિત્તે ધાર્મિક અને ભક્તિમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરા તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં પુરુષ તથા મહિલા હરિભક્તો ઉપસ્થિત રહી શાંતિપાઠનો લાભ લીધો હતો.સ્મૃતિ દિન નિમિત્તે પૂજ્ય સંતોની ઉપસ્થિતિમાં હરિભક્તોએ શાંતિપાઠમાં જોડાઈ ગુરુદેવ બાપજીને ભાવભીની સ્મૃતિ અર્પણ કરી હતી. શાંતિપાઠ માટેની સામગ્રી મંદિર તરફથી હરિભક્તોને આપવામાં આવી હતી, જેમાં થાળી-વાટકી, ફૂલ, ચશ્મી તથા મહારાજનું પ્રતીક એવી સોપારીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.ત્યારબાદ ગુરુવર્ય સત્યસંકલ્પદાસજી સ્વામીની ઓનલાઈન કથા-વાર્તાનો હરિભક્તોએ લાભ લીધો હતો. પૂજ્ય નિલોભ સ્વામીએ પણ બાપજી સ્મૃતિ દિન ઉત્સવ નિમિત્તે ઉપસ્થિત હરિભક્તોને માર્ગદર્શન આપ્યું હતું.ધાર્મિક કાર્યક્રમ બાદ મંદિર ખાતે હરિભક્તો માટે મહાપ્રસાદ (જમણવાર)નું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં હરિભક્તોએ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું અને શહેરા તાલુકાના વિવિધ ગામોમાંથી આવેલા હરિભક્તોએ શ્રદ્ધાપૂર્વક બાપજી સ્મૃતિ દિન ને ભાગ લીધો હતો.

ગંગાજળ અભિષેક સાથે ટાંકી પુનઃ કાર્યરત કરાઈ

## કાલોલમાં દીવાનની વાડી ટાંકીના ઢાંકણની કામગીરી પૂર્ણ



(પ્રતિનિધી) કાલોલ, તા.3
કાલોલ નગરપાલિકા વિસ્તારમાં આવેલ 'દીવાનની વાડી ટાંકી'ના ઢાંકણની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થતાં તેને ફરીથી કાર્યાન્વિત કરવાનો એક વિશેષ ધાર્મિક કાર્યક્રમ બુધવારે યોજાઈ ગયો. પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે બુધવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે દીવાનની વાડી ટાંકીના ચોકમાં શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અનુસાર ભગવાન શંકરની પૂજા-અર્ચના કરવામાં આવી હતી. આ પ્રસંગે માં ગંગાજીના પવિત્ર જળથી વિશેષ અભિષેક પણ યોજાયો હતો, જેમાં નગરજનો અને હોદ્દેદારો ઉત્સાહભેર જોડાયા હતા. આ ધાર્મિક અને લોક ઉપયોગી કાર્યક્રમમાં કાલોલ નગરપાલિકાના પ્રમુખ હસમૂખભાઈ મકવાણા, ઉપપ્રમુખ ગૌરાંગભાઈ દરજી, કારોબારી અધ્યક્ષ જ્યોત્સનાબેન બેલદાર, દંડક ધર્મિષ્ઠાબેન કાછિયા, પક્ષના નેતા હરિકૃષ્ણભાઈ પટેલ તેમજ ચીફ ઓફિસર સંજયભાઈ પટેલ સાથે પાણી પુરવઠા ચેરમેન ગોપાલભાઈ પંચાલ તેમજ કાઉન્સિલર યુવરાજ રાઠોડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

હાલોલ સરકારી પોલીટેકનિક કોલેજમાં ટુંકુ પ્રવચન

## આર્ય સમાજ હાલોલ દ્વારા સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકજીના એક દિવસનો પ્રવાસ કાર્યક્રમ



(પ્રતિનિધી) હાલોલ, તા.3
ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી હાલોલ ખાતે ઉપકુલ પતિ ( વાઈસ ચાન્સેલર ) ડૉ.સી કે.ટીંબડીયા , પ્રિ. પ્રભુ નાયકા, સાયન્ટિસ્ટ સ્ટાફ તથા વિધાર્થીઓ સાથે એક ટૂંકું પ્રવચન અને ત્યાર બાદ વન ટુ વન શંકા નું સમાધાન કરી સૌ ને સપથ લેવડાવી એક યાદગાર આયોજન થયેલ.

સાંજે કણજરી રોડ હાલોલ દર્પણ સોસાયટીમાં પતંજલી યોગ પીઠમાં ભરત મુનિ દ્વારા વિશ્વ કલ્યાણ અર્થે હવનનુ આયોજન કરેલ જેમાં અનેક કાર્યકર ભાઈ બહેનોએ ભાગ લઈ આહુતિ આપી કૃતાર્થ થયેલ હવનના સમાપન સાથે સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકજીનું આગમન મંચ પર થયું ભગવદ સ્મરણ કરી ખૂબ ટૂંકા છતાં આત્મજ્ઞાન સભર પ્રવચન થી પતંજલી પરિવાર ના સભ્યો તથા આમંત્રિત નાગરિકો ખૂબ પ્રભાવિત થયા.સ્વામીજી એ સરળ ભાષા મનુષ્ય કઈ રીતે પુનઃ જન્મ સારા અને ઉચ્ચ વર્ણ માં મેળવી શકે અને સારા કર્મ કરી જીવન મરણની ઘટમાળ માંથી મુક્ત થઈ મોક્ષ ની પ્રાપ્તિ કેમ કરી શકે તે જાવ્યું,યોગનું અને યગ્ન જીવનમાં મહત્વ અને અનિવાર્યતા સમજાવી. આ પ્રસંગે પતંજલી યોગપીઠ હાલોલના અનેક સેવક ભાઈ બહેનો, હાલોલ દત્ત મંદિર માં વહીવટકર્તાઓ, આમંત્રિત નાગરિકો એ હાજરી આપી ભરત મુનિ અને શ્રુતિ બેન દ્વારા આ વિરલ વ્યક્તિત્વના દર્શન અને પ્રવચનનો લાભ અપાવ્યો તે બદલ કૃતઘ્નતાનો ભાવ જોવા મળ્યો.

પોલીસે સ્થળ પરથી ૪,૨૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

## કાલોલ તળાવની પાળ પર ખુલ્લામાં જુગાર રમતા ચાર ઝડપાયા

(પ્રતિનિધી) કાલોલ, તા.3
કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તળાવની પાળ પર સ્ટ્રીટ લાઈટના અંજવાળે જુગાર રમી રહેલા ૪ ઈસમોને પોલીસે રેડ દરમિયાન રંગેહાથ ઝડપી પાડ્યા છે. આ કામગીરી દરમિયાન પોલીસે રોકડ રકમ સહિત કુલ રૂ. ૪,૨૯૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

મળતી માહિતી મુજબ, બુધવારના રોજ રાત્રે કાલોલ પોલીસ સ્ટેશનનો સ્ટાફ ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન બાતમીદાર તરફથી ચોક્કસ માહિતી મળી હતી કે કાલોલ ઈન્દિરા નગર તળાવની પાળ પર ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પત્તા-પાના વડે નાણાંની હાર-જીતનો જુગાર રમી રહ્યા છે.

બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગાર રમી રહેલા ઈસમોએ નાસવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે ઘેરાબંધી કરીને ચારેય ઈસમોને સ્થળ પર જ પકડી પાડ્યા હતા.

ઝડપાયેલા આરોપીઓમાં કિશનકુમાર પ્રવિણભાઈ બજાણીયા, જીતેન્દ્રકુમાર મહેન્દ્રભાઈ ઉર્ફે ભવાનભાઈ સોલંકી, રાહુલકુમાર રાજુભાઈ સોલંકી,સોહીલશા ઝહીરશા દિવાનનો સમાવેશ થાય છે. જયારે પોલીસે જપ્ત કરાયેલ મુદ્દામાલઃ જુગારના દાવ પરથી મળી આવેલ રોકડઃ રૂ. ૨,૭૨૦/- આરોપીઓની અંગ ઝડતીમાંથી મળી આવેલ રોકડઃ રૂ. ૧,૫૭૦/- ગંજી પત્તા પાના (નંગ ૫૨) કુલ મુદ્દામાલઃ રૂ. ૪,૨૯૦/- આ મામલે કાલોલ પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ સુરેશકુમાર ગોવીંદભાઈની ફરિયાદના આધારે ચારેય આરોપીઓ સામે જુગાર અટકાયતી અધિનિયમની કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

## હાલોલ કલરવ શાળામાં જન્માષ્ટમી ઉત્સવ નિમિત્તે ખૂબ જ ધામધૂમથી મટકી ફોડ કાર્યક્રમ ઉજવાયો




**હાલોલ** : નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી ગગન બેદી નાદ સાથે કલરવ શાળામાં કે.જી વિભાગના અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના નાના ભૂલકાઓ દ્વારા જન્માષ્ટમીના ઉત્સવ નિમિત્તે ખૂબ જ ધામધૂમ પૂર્વક મટકી ફોડ ના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. જેમાં કૃષ્ણ જન્મ બતાવતો કાનુડાનો સનેડો અને કૃષ્ણની અન્ય બાળલીલાઓ જેવી કે માખણચોરી, મટકી ફોડ, ગોકુળમાં કૃષ્ણ જન્મ ઉત્સવ ઉજવતા ગોપ - ગોવાળો ના ગીતો અને બાકી બિહારી, ગોવિંદા આલા રે, બાકા કનૈયા ન્યારા કનૈયા જેવા જન્માષ્ટમી ના ગીતો ઉપર કે.જી ના બધા શિક્ષકો તેમજ નાના ભૂલકાઓએ આનંદમય બનીને નૃત્ય કર્યું તેમજ બધા શિક્ષક અને ભૂલકાંઓ આનંદવિભોર બન્યા.

## કાલોલ ખાતે 'શિક્ષક દિન'ની ઉજવણી કરાઈ



(પ્રતિનિધી) કાલોલ, તા.3
ધી એમ. જી. એસ. હાઈસ્કુલ તેમજ સી બી ગર્લ્સ હાઈસ્કુલ કાલોલ ખાતે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી નિમિત્તે 'શિક્ષક દિન'ની ખૂબ જ ઉત્સાહભેર અને સુંદર ઉજવણી કરવામાં આવી હતી. આજના વિશેષ દિવસે શાળાનો સંપૂર્ણ વહીવટ અને શૈક્ષણિક કાર્ય વિદ્યાર્થીઓ દ્વારા સંભાળવામાં આવ્યું હતું આજના દિવસે શાળાના કૂલ ૪૬ શિક્ષકોની ભૂમિકાભજવી વિદ્યાર્થીઓએ ખૂબ જ ગંભીરતાપૂર્વક ભજવી હતી. વિદ્યાર્થી-શિક્ષકોએ જુદા-જુદા વર્ગખંડોમાં જઈને ખૂબ જ રસપ્રદ રીતે શૈક્ષણિક કાર્ય કરાવ્યું હતું. શાળાના એક તેજસ્વી વિદ્યાર્થીએ આચાર્ય જય. એમ. વણઝારા તરીકે અને અન્ય એક વિદ્યાર્થીએ સુપરવાઈઝર વેદ ચેતનભાઈ પટેલ તરીકેની વહીવટી જવાબદારીઓ ખૂબ જ કુશળતાપૂર્વક સંભાળીને શાળાનું સંચાલન કર્યું હતું. સી બી ગર્લ્સ હાઈસ્કુલ ખાતે શાળાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની કુલ ૯૩ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. શાળાની પ્રાર્થનાસભામાં જી. એસ. હિતિક્ષા દરજી દ્વારા શિક્ષકદિનનું મહત્વ સમજાવાયુ હતુ.

વિકાસ કામોમાં ગેરરીતિ બદલ DDOની મોટી કાર્યવાહીથી કામચોરી કરનારાઓમાં ફફડાટ

## ઝરીબુઝર્ગના મહિલા સરપંચ નર્મદાબેન માવીને હોદ્દા પરથી દૂર કરી દવાયા



(પ્રતિનિધી) દાહોદ, તા.3
દાહોદના ઝરીબુઝર્ગ ગામમાં મહિલા સરપંચ સામે જિલ્લા વિકાસ અધિકારીએ મોટી કાર્યવાહી કરી છે. પાંચ વિકાસ કામોમાં ગેરરીતિ સામેની તપાસ બાદ સરપંચ નર્મદાબેન માવીને હોદ્દા પરથી દૂર કરવાનો હુકમ કરાયો છે. તપાસમાં કામો સ્થળ પર થયા ન હોવા છતાં લાખો રૂપિયાનું ચુકવણું થયાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે શું બહાર આવ્યું અને સરપંચ સામે કેમ લેવાઈ કાર્યવાહી, જોઈએ આ અહેવાલમાં. ગરબાડા તાલુકાના ઝરીબુઝર્ગ ગામના મહિલા સરપંચ નર્મદાબેન કમલેશભાઈ માવી સામે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. ગ્રામજનોની રજૂઆતના આધારે ગ્રામ પંચાયતના વિકાસ કામોની તપાસ હાથ ધરવામાં આવી હતી. નાયબ જિલ્લા વિકાસ અધિકારી સહિતની તપાસ ટીમે પાચ કામોની સ્થળ તપાસ કરી હતી. તપાસ દરમિયાન રામદેવ મંદિરની કમ્પાઉન્ડ વોલ, ગણાવા ફળિયાનો સીસી રોડ અને દિનેશભાઈ નળવાયાના નામે બોર વિથ મોટરનું કામ સ્થળ પર થયું ન હોવાનું સામે આવ્યું હતું. ભુરીયા કુવામાં સામૂહિક કૂવાનું કામ પણ તપાસ ટીમને સ્થળ પર મળી આવ્યું ન હતું. પરમાર ફળિયામાં સીસી રોડનું કામ પણ દર્શાવેલી જગ્યાએ થયું ન હોવાનું તપાસમાં નોંધાયું હતું. તપાસ અહેવાલ મુજબ આ પાંચેય કામો માટે અલગ-અલગ તબક્કે લાખો રૂપિયાનું ચુકવણું કરવામાં આવ્યું હતું. સરપંચને પોતાનો બચાવ રજૂ કરવા માટે વારંવાર સુનાવણીની તક આપવામાં આવી હતી. સરપંચ દ્વારા અગાઉ રજૂ કરાયેલા જવાબમાં કામો અન્ય સ્થળે થયાનો દાવો કરવામાં આવ્યો હતો. જોકે તપાસ અહેવાલ અને સ્થળ સ્થિતિને આધારે જિલ્લા વિકાસ અધિકારીએ ગેરરીતિ હોવાનું માની કાર્યવાહી કરી છે.

## ગરબાડાના પાટિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આરોગ્ય કેમ્પનું આયોજન



દાહોદ : દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના પાટિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના નાંદવા સબસેન્ટર ખાતે 100 દિવસીય સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ અંતર્ગત વિશેષ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આરોગ્ય કેમ્પ દરમિયાન પોર્ટબેલ એકસરે મશીન દ્વારા, જેમાં કુલ 166 શંકાસ્પદ દર્દીઓના ટીબી એક્સ-રે ટેસ્ટ કરવામાં આવ્યા.

વિકસિત ભારત યુવા કનેક્ટ 2026 અંતર્ગત આયોજન

## હાલોલની એમ. એન્ડ વી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલ ખાતે કાર્યક્રમ યોજાયો




(પ્રતિનિધી) હાલોલ, તા.3
ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ તેમજ માય ભારત અંતર્ગત એમ.એન્ડ વી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલના (NSS) વિભાગ દ્વારા "વિકસિત ભારત યુવા કનેક્ટ - ૨૦૨૬" કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. હરિભાઈ કાતરીયાના માર્ગદર્શન હેઠળ આ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે કાર્યક્રમની મુખ્ય થીમ "નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત" રાખવામાં આવી હતી. આ નિમિત્તે દિલ્હી સ્થિત વડાપ્રધાન કચેરી દ્વારા પસંદ કરાયેલ યુથ આઈકોન કુ. રાજવી કડિયા તથા વડોદરાના 'નશા વોરિયર' લીનાબેન છટાની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. પ્રેરણાદાયી વક્તવ્ય અને નશા મુક્તિ સંકલ્પઃ યુથ આઈકોન રાજવી કડિયાએ માય ભારત પોર્ટલની વિસ્તૃત સમજ આપી પોતાની અત્યાર સુધીની સફરનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. તેમણે ઉપસ્થિત યુવાનોને નશા મુક્ત રહેવા અપીલ કરી પ્રતિજ્ઞા લેવડાવી હતી. વડોદરાના નશા વોરિયર લીના છટાનીએ યુવાધનને વ્યસનમુક્ત જીવન જીવવા માટેનું વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમ દરમિયાન 'માય ભારત' અને 'વિકસિત ભારત'ની ગૌરવગાથા દર્શાવતી લાઈવ વીડિયો શોર્ટ ફિલ્મો રજૂ કરવામાં આવી હતી, જેણે વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ પૂરો પાડ્યો હતો.